# સામાજિક વિજ્ઞાન અપેક્ષિત : ધોરણ 10
# સપ્લિમેન્ટ
## [30 % હેતુલક્ષી તથા 70 % વર્ણનાત્મક પ્રશ્નો આધારિત]

## પ્રશ્નપત્રનું પરિરૂપ

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ / ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

- **હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન / વિશ્લેષણ | અનુમાન / મૂલ્યાંકન | |
| ગુણ | 16 | 40 | 15 | 05 | 04 | **80** |
| ટકા | 20 | 50 | 18.75 | 6.25 | 05 | **100** |

- **પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (OQ) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SQ – I) | 09 | 13 | 18 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SQ – II) | 06 | 09 | 18 |
| 4. | લાંબા પ્રશ્નો (LQ) | 05 | 08 | 20 |
| | કુલ | **44** | **54** | **80** |

● **પ્રકરણ પ્રમાણે ગુણભાર :**

| પ્રકરણ ક્રમ | પ્રકરણનું નામ | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
|---|---|---|---|
| 1. | ભારતનો વારસો | 03 | 05 |
| 2. | ભારતનો સાંસ્કૃતિક વારસો : પરંપરાઓ : હસ્ત અને લલિત કલા | 03 | 05 |
| 3. | ભારતના સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સ્થાપત્ય | 04 | 07 |
| 4. | ભારતનો સાહિત્યિક વારસો | 04 | 04 |
| 5. | ભારતનો વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો વારસો | 04 | 08 |
| 6. | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો | 04 | 04 |
| 7. | આપણા વારસાનું જતન | 03 | 03 |
| 8. | કુદરતી સંસાધનો | 03 | 07 |
| 9. | વન અને વન્ય જીવ સંસાધન | 04 | 04 |
| 10. | ભારત : કૃષિ | 05 | 09 |
| 11. | ભારત : જળ સંસાધન | 04 | 04 |
| 12. | ભારત : ખનિજ અને શક્તિનાં સંસાધનો | 03 | 05 |
| 13. | ઉત્પાદન ઉદ્યોગો | 03 | 05 |
| 14. | પરિવહન, સંદેશાવ્યવહાર અને વ્યાપાર | 03 | 03 |
| 15. | આર્થિક વિકાસ | 04 | 04 |
| 16. | આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ | 04 | 04 |
| 17. | આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી | 04 | 08 |
| 18. | ભાવવધારો અને ગ્રાહક જાગૃતિ | 04 | 07 |
| 19. | માનવવિકાસ | 04 | 04 |
| 20. | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો | 05 | 05 |
| 21. | સામાજિક પરિવર્તન | 05 | 05 |
| | કુલ ગુણ | **80** | **110** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# પ્રશ્નપત્રનું માળખું

| પ્રશ્નક્રમ | વિભાગ અને પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ A** | |
| 1થી 24 | આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.<br>[24 હેતુલક્ષી પ્રશ્નો – *પ્રત્યેકનો 1 ગુણ*]<br>• યોગ્ય જોડકાં જોડો. (1થી 5)<br>• વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (6થી 10)<br>• ખાલી જગ્યા પૂરો. (11થી 15)<br>• યોગ્ય વિકલ્પ પસંદ કરી MCQના ઉત્તર આપો. (16થી 20)<br>• સંક્ષિપ્ત(એક-બે શબ્દો)માં ઉત્તર આપો. (21થી 24) | 24 |
| | **વિભાગ B** | |
| 25થી 37 | પ્રશ્નક્રમાંક 25થી 37ના આશરે 15થી 35 શબ્દોમાં ઉત્તર આપો, જેમાં નીચે મુજબના પ્રશ્નો પૂછી શકાશે :<br>કુલ 13 (તેર) પ્રશ્નોમાંથી કોઈ પણ 9 (નવ) પ્રશ્નોના ઉત્તરો આપો. *[પ્રત્યેકના 2 ગુણ]*<br>• વિધાન સમજાવો / કારણ આપો.<br>• આપેલી વ્યક્તિઓનો પરિચય આપો.<br>• આપેલાં ઐતિહાસિક / ભૌગોલિક સ્થળોની ઓળખ આપો.<br>• પારિભાષિક શબ્દો / સંકલ્પનાઓ સમજાવો.<br>• મને ઓળખો. • ટૂંકમાં ઉત્તર આપો.<br>• આપેલ પરિસ્થિતિજન્ય પ્રશ્નોના ઉત્તર વિચારીને લખો. | 18 |
| | **વિભાગ C** | |
| 38થી 46 | પ્રશ્નક્રમાંક 38થી 46ના આશરે 60થી 80 શબ્દોમાં ઉત્તર લખો. કુલ 9 (નવ) પ્રશ્નોમાંથી કોઈ પણ 6 (છ) પ્રશ્નોના ઉત્તર આપો. *[પ્રત્યેકના 3 ગુણ]*<br>• ટૂંક નોંધ • તફાવત • ચિત્રોને જોઈને ઉત્તર આપો.<br>• ઉપાયો / અસરો / પરિણામો / પરિબળો<br>• (HOTS) ઉચ્ચ વૈચારિક કૌશલ્ય ધરાવતા પ્રશ્નનો ઉત્તર<br>• મુદ્દાસર ઉત્તર આપો / સમજાવો / વર્ણવો | 18 |

| વિભાગ D | | |
|---|---|---|
| 47થી 53 | પ્રશ્નક્રમાંક 47થી 53ના આશરે 120થી 150 શબ્દોમાં સવિસ્તર ઉત્તર લખો.<br>કુલ 7 (સાત) પ્રશ્નોમાંથી કોઈ પણ 4 (ચાર) પ્રશ્નોના ઉત્તર લખો. *[પ્રત્યેકના 4 ગુણ]*<br>નકશાનો પ્રશ્ન નં. 54 ફરજિયાત છે. તમને આપેલ ભારતના રેખાંકિત નકશામાં આપેલાં સ્થાન દર્શાવો. (નકશામાં ચાર સ્થળો દર્શાવવાં.) *[4 ગુણ]* | 20 |

# આદર્શ પ્રશ્નપત્ર

## [માર્ચ, 2022ની બોર્ડ-પરીક્ષા માટે]

**સમય : 3 કલાક ]** **[ કુલ ગુણ : 80**

**સૂચનાઓ :** ( 1 ) આ પ્રશ્નપત્રમાં કુલ **ચાર** વિભાગો છે અને કુલ **54** પ્રશ્નો છે.
( 2 ) દરેક વિભાગની સૂચના મુજબ પ્રશ્નોના ઉત્તરો લખવાના છે.
( 3 ) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
( 4 ) વિભાગ Dનો પ્રશ્ન નં. 54 નકશાપૂર્તિનો છે. આ પ્રશ્ન ફરજિયાત છે.

## વિભાગ A

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો :**
**[24 હેતુલક્ષી પ્રશ્નો – *પ્રત્યેકનો 1 ગુણ*]** **24**

- **યોગ્ય જોડકાં જોડો :**

| વિભાગ A | વિભાગ B |
|---|---|
| **1.** લાકડાના હીંચકા | A. શાંતિપુરાણ |
| **2.** તુલસીદાસ | B. નવઘણ કૂવો |
| **3.** હઠીસિંહનાં દેરાં | C. બેંગલૂરુ |
| **4.** જૂનાગઢ | D. રામચરિતમાનસ |
| **5.** ભારતની સિલિકોન વેલી | E. અમદાવાદ |
| | F. સંખેડા |

- **નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

**6.** હિમાલયની ગિરિમાળા ભારતની દક્ષિણ સીમાએ આવેલી છે.

**7.** ઈલોરાની ગુફાઓ મહારાષ્ટ્રમાં આવેલી છે.

**8.** પડખાઉ જમીનનું બીજું નામ લેટેરાઇટ જમીન છે.

**9.** ભારતમાં જૈવ આરક્ષિત ક્ષેત્રોની કુલ સંખ્યા 12 છે.

**10.** ગુજરાતમાં પાવાગઢ, સાપુતારા અને અંબાજી ખાતે રોપ-વે સેવાઓ ઉપલબ્ધ છે.

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

**11.** મસ્જિદના સ્તંભોવાળા ઓરડાને ……… કહે છે. *(મહેરાબ, લિવાન, મક્સુરા)*

**12.** મધ્ય પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યોને ……… યોજનાનો લાભ મળે છે. *(નર્મદા ખીણ, ચંબલ ખીણ, દામોદર ખીણ)*

**13.** વ્યાપારી પ્રવૃત્તિ ……… પ્રકારની આર્થિક પ્રવૃત્તિ છે. *(પહેલા, બીજા, ત્રીજા)*

**14.** ખેડૂત, કારીગર, વેપારી, શિક્ષક વગેરેની પ્રવૃત્તિને ……… પ્રવૃત્તિ કહે છે. *(આર્થિક, સેવાકીય, બિનઆર્થિક)*

**15.** વિશ્વમાં .........ના દિવસને ‘વિશ્વ પર્યાવરણદિન’ તરીકે ઊજવવામાં આવે છે. *(10 જાન્યુઆરી, 5 જૂન, 12 માર્ચ)*

- **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

**16.** પૃથ્વી પર જળ સંસાધનનો મુખ્ય સ્રોત કયા છે?

A. મહાસાગર B. નદી C. સરોવરો D. વૃષ્ટિ

**17.** ગ્રાહક શિક્ષણ-જાગૃતિ માટે કયું સામયિક બહાર પડે છે?

A. ‘ઇનસાઇટ’ B. ‘ગ્રાહક જાગૃતિ મંચ’ C. ‘ગ્રાહક શિક્ષણ’ D. કન્ઝ્યુમર ઍક્ટ

**18.** ભારતીય મૂળના કયા અર્થશાસ્ત્રીને નોબેલ પારિતોષિક મળેલ છે?

A. મહબૂબ ઉલ હકને B. અમર્ત્ય સેનને
C. રવીન્દ્રનાથ ટાગોરને D. સી. વી. રામનને

**19.** બંધારણના કયા આર્ટિકલ પ્રમાણે અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે?

A. આર્ટિકલ 25 B. આર્ટિકલ 29
C. આર્ટિકલ 17 D. આર્ટિકલ 46

**20.** નીચેનામાંથી કઈ માહિતી આપવાનો ઇન્કાર કરી શકાય છે?

A. ચૂંટણીપંચની
B. સરકારી યોજનાઓની
C. ન્યાયિક ચુકાદાની
D. રાષ્ટ્રની અખંડિતતા અને સાર્વભૌમત્વની બાબતોની

- **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્ત(*એક-બે શબ્દો*)માં ઉત્તર લખો :**

**21.** આજના સમયમાં રાષ્ટ્રના આર્થિક વિકાસની કરોડરજ્જુ કોણ ગણાય છે?

**22.** કયા ઉદ્યોગને ‘Sunrise industry’ પણ કહે છે?

**23.** ISO નામની આંતરરાષ્ટ્રીય સંસ્થા ક્યાં આવેલી છે?

**24.** કયા દેશની ક્રાંતિથી પ્રેરણા લઈ ભારતમાં નક્સલવાદી આંદોલન શરૂ થયું હતું?

## વિભાગ B

**નીચે આપેલા 13 પ્રશ્નોમાંથી કોઈ પણ *નવ* પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*** **18**

**25.** ભારતીય વારસાનાં જતન અને સંરક્ષણ અંગે આપણી બંધારણીય ફરજો જણાવો.

**26.** વ્યક્તિ-પરિચય આપો : દ્રવિડો

**27.** ‘‘નાટ્યકલા સમાજજીવનને પ્રતિબિંબિત કરે છે.’’ આ વિધાન સમજાવો.

**28.** વ્યક્તિ-પરિચય આપો : અમીર ખુશરો

**29.** ફતેહપુર સિકરીમાં કઈ કઈ ઇમારતોનો સમાવેશ થાય છે?

**30.** આપણા વારસાનું સંરક્ષણ શાથી આવશ્યક બન્યું છે?

**31.** વન્ય જીવોના સંરક્ષણ માટેના ચાર ઉપાયો જણાવો.

**32.** સંકલ્પના સમજાવો : ( 1 ) ભૂમિગત જળ ( 2 ) જળપ્લાવિત ક્ષેત્ર

**33.** વિદ્યુતનાં સાધનોમાં અબરખનો ઉપયોગ થાય છે. કારણ આપો.

**34.** આજે બિનપરંપરાગત ઊર્જાશક્તિનો ઉપયોગ શા માટે વધ્યો છે?

**35.** ભારતના રાસાયણિક ખાતરોના ઉદ્યોગની માહિતી આપો.

**36.** ભારતમાં બેંગલૂરુને ક્યાં નામથી ઓળખવામાં આવે છે?

**37.** 

ગુણવત્તા માનક અંગેની રાષ્ટ્રીય સંસ્થા વિશે માહિતી આપો.

## વિભાગ C

**નીચે આપેલા 9 પ્રશ્નોમાંથી કોઈ પણ *છ* પ્રશ્નોના માગ્યા મુજબ મુદ્દાસર ઉત્તર આપો : *[પ્રત્યેકના 3 ગુણ]*** **18**

**38.** ટૂંક નોંધ લખો : ભારતનાં જૈનમંદિરો (દેરાસરો)

**39.** દેલવાડાનાં જૈનમંદિરો વિશે માહિતી આપો.

**40.** સમાજવાદી પદ્ધતિનાં લક્ષણો જણાવો.

**41.** નીચે આપેલા શબ્દોને વ્યાખ્યા સ્વરૂપે લખો :
(1) સંસાધનોનું સંરક્ષણ (2) ભૂમિ-સંરક્ષણ (3) વિરલ સંસાધન

**42.** ગુજરાતી ગદ્ય-પદ્ય સાહિત્ય વિશે નોંધ લખો.

**43.** આપણા પુરાતત્ત્વીય વારસાને સુરક્ષિત રાખવા માટે આપણી સંસદે અને સરકારે શું કર્યું?

**44.** ગ્રાહકે ખરીદી કરતી વખતે શી કાળજી રાખવી જોઈએ? (છ મુદ્દા લખો.)

**45.** વિશ્વ-વ્યાપાર સંગઠન(WTO)નાં ધ્યેયો જણાવો.

**46.** માનવવિકાસ આંકની ગણતરી કઈ રીતે કરાય છે?


## વિભાગ D

**નીચે આપેલા પ્રશ્નનંબર 47થી 53માંથી કોઈ પણ *ચાર* પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો. પ્રશ્નનંબર 54 નકશાપૂર્તિનો છે, જે ફરજિયાત છે.** ***[પ્રત્યેકના 4 ગુણ]*** **20**

**47.** વૈદકવિદ્યા અને શલ્યચિકિત્સાના ક્ષેત્રે પ્રાચીન ભારતનું મહત્ત્વ સમજાવો.

**48.** પ્રાચીન ભારતે ખગોળવિદ્યામાં આપેલું પ્રદાન જણાવો.

**49.** નીચે આપેલ ચિત્ર ભારતના એક મુખ્ય તેલીબિયા પાકનું છે. તે કયો પાક છે? તે પાકની વિસ્તૃત માહિતી આપો.



**50.** 'ભારતનો ઘઉંનો પાક' સવિસ્તર વર્ણવો.

**51.** ગરીબી એટલે શું? ગરીબીરેખા હેઠળ જીવતા લોકોનાં લક્ષણો જણાવો.

**52.** 'મનરેગા' (MANREGA) કાર્યક્રમની સ્પષ્ટતા કરો.

**53.** ભારત સરકારે ભ્રષ્ટાચારને રોકવા માટે કયા કયા ઉપાયો કર્યા છે?

**54.** તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવો :

( 1 ) બાંદીપુર રાષ્ટ્રીય ઉદ્યાન

( 2 ) તમાકુ ઉત્પન્ન કરતો એક પ્રદેશ

( 3 ) શણના કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર – નામ સાથે

( 4 ) ભારતનો સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરી માર્ગ – 7 (કોઈ પણ એક અટકસ્થાન)

